# એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : શુક્રવાર, તા. ૧૦ જુલાઈ ૨૦૨૦ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ મેમોરીયલ હોય, આશ્રમરોડ, અમદાવાદ |


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,

પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨

ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪

ઈ-મેઈલ : gcci@gujaratchamber.org

વેબસાઈટ : www.gujaratchamber.org

GCCI

૪ જુલાઇ, ૨૦૨૦

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા શુક્રવાર તા.૧૦-૭-૨૦૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ મેમોરીયલ હોલ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

## : એજન્ડા :

| | આઇટેમ | વિગત | પાના નં. |
|---|---|---|---|
| I | | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | |
| | ૧. | તા. ૧૯-૬-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૯ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૩ જુન થી ૩૦ જુન, ૨૦૨૦ દરમ્યાન) | ૧૦ |
| | | ૨.૨ તા. ૧૩ જુન થી ૩૦ જુન, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૧૦ થી ૧૧ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | --- |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૧ થી ૧૨ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૨ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૨ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | સ્ક્રુટિનીની સમિતિના અહેવાલની મંજુરી માટે. | |
| | ૫. | COVID-19 મહામારીના સંજોગોને ધ્યાને લઇને ચૂંટણી અધિકારીએ કરેલ ભલામણ મુજબ વર્ષ ૨૦૨૦-૨૧ ની ચૂંટણી અને વાર્ષિક સામાન્ય સભા તા.૧૧-૭-૨૦૨૦ ના રોજ મુલત્વી રાખી ચૂંટણી અને વાર્ષિક સામાન્ય સભાની નવી તારીખ નક્કી કરવા બાબતે. | |
| | ૬. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૭. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.
આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ,

તન્મય મહેતા
*સેક્રેટરી જનરલ*

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૧૩/૨૦૧૯-૨૦
તારીખ : ૧૯-૬-૨૦૨૦
સ્થળ : એ. એચ. હોલ
પ્રમુખ : શ્રી દુર્ગેશ બુચ

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

- આ મિટિંગ ગુજરાત ચેમ્બરના એ.એચ. હોલમાં રાખવામાં આવી હતી. આ સાથે video conferencing પણ કરવામાં આવ્યું હતું. આમ અમુક સભ્યો રૂબરૂ હાજર રહ્યા હતા અને અમુક સભ્યો video conferencing થી હાજર રહ્યા હતા.
- કારોબારી સમિતિની મિટિંગની શરુઆત કરતા પહેલા પ્રમુખશ્રીએ ભારત અને ચીનની સરહદ ઉપર જે ઘર્ષણ થયું હતું અને તેમાં ભારતના જવાનો શહીદ થયા હતા તેમની શ્રદ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.
- કારોબારી સમિતિની મિટિંગની શરુઆત કરતા પહેલા પ્રમુખશ્રીએ શ્રી ભાવેશ લાખાણીને તેમની રજૂઆત કરવા માટે જણાવ્યું હતું.
- શ્રી ભાવેશ લાખાણીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં કોરોના વાયરસ જે ઝડપથી ફેલાઇ રહ્યો છે તેને ધ્યાનમાં લઇને ગુજરાત ચેમ્બરની ચૂંટણી જાહેર કરવામાં આવી હોવાથી ચૂંટણીની આચાર સંહિતા લાગુ થવાથી આ સમય દરમ્યાન જે હોદ્દેદારો ૨૦૨૦-૨૧ની ચૂંટણીમાં ઉમેદવાર હોય તેમને GCCI ની ઓફીસમાં આવવું જોઇએ નહીં તેની દરખાસ્ત કરી હતી. વધુમાં તેમણે આ બાબતે ચૂંટણી અધિકારી શ્રી લહેરી સાહેબનું મંતવ્ય લેવા જણાવ્યું હતું.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

- પ્રમુખશ્રીએ તા. ૨૯-૫-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપેલ છે તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૨૯-૫-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૨૯-૫-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૪ ૨૧ મે થી ૧૩ જુન, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો અને તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન તથા વીઝા રેકમન્ડેશન લેટર્સ

અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

➢ સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની તા. ૨૧ મે થી ૧૩ જુન, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

૩.૨ પ્રમુખશ્રીએ તા. ૨૧ મે થી ૧૩ જુન, ૨૦૨૦ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

➢ સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૪**

➢ માનદ્-મંત્રી (રીજનલ) શ્રી દિલીપ પાધ્યાએ જણાવ્યું હતું કે GCCI ની સ્ક્રુટિની સમિતિના સભ્યો દ્વારા નવા સભ્યો અંગે સ્ક્રુટિની કરી હતી. સ્ક્રુટિની સમિતિ દ્વારા નવા સભ્યો અંગે કુલ-૬ અરજીઓ આવી હતી જેમાંથી તમામ ૬ અરજીઓ મંજુર કરી કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરી હતી. સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના ફોર્મ અંગે કુલ-૬ અરજીઓ મળી હતી જેમાંથી ૫ અરજીને મંજુર કરવામાં આવી હતી અને ૧ અરજીને ખુટતા પુરાવાના લેવા જણાવ્યું હતું.

**ઠરાવ નં. ૨**

આથી ઠરાવવામાં આવે છે કે સ્ક્રુટિની સમિતિના સભ્યો દ્વારા ચકાસણી કરી કારોબારી સમિતિને ભલામણ કરી તેની કુલ-૬ અરજીઓને એનેક્ષર-બી મુજબ મંજુર કરવામાં આવે છે. જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કોઇ પણ કેટેગરીના ફેરફારની ૬ અરજી મળી હતી તે પૈકી એનેક્ષર-સી મુજબ ૫ અરજીઓને મંજુર કરવામાં આવે છે.

➢ શ્રી પથિક પટવારીએ જણાવ્યું હતું કે તા. ૨૭-૫-૨૦૨૦ અને ૧૬-૬-૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્યના કમિશ્નર ડો. રાહુલ ગુપ્તા,IAS સાથે નવી ઇન્ડસ્ટ્રીયલ પોલીસી અંગે video conferencing મિટિંગ કરવામાં આવી હતી. આ મિટિંગમાં પોલીસી ઉપરાંત વર્કરોને પાછા લાવવા બાબતે, P.P.E. અને અન્ય વસ્તુઓ ઉપર Export પરનો પ્રતિબંધ પાછો ખેંચવા ટેક્ષટાઇલ ઉપરની ઇલેક્ટ્રીસીટી દર બાબતે પણ રજૂઆત કરવામાં આવી હતી.

➢ તા. ૨-૬-૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના મુખ્ય સચિવ ડો. જયંતિ રવિ,IAS સાથે COVID-19 બાબતે એક મિટિંગ મળી હતી તેની વિગતો આપતાં શ્રી પથિક પટવારીએ જણાવ્યું હતું કે COVID-19 ના ગુજરાત ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કામકાજની ડો. જયંતિ રવિ એ પ્રસંશા કરી હતી અને રીવર્સ ક્વોરન્ટાઇન પ્રોસેસમાં સાથ આપવા જણાવ્યું હતું અને આ બાબતે આ મિટિંગમાં ચર્ચા કરી હતી.

➢ માનદ્-મંત્રી (રીજનલ) શ્રી દિલીપ પાધ્યા એ જણાવ્યું હતું કે તા. ૪-૬-૨૦૨૦ ના રોજ અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી અશીષ ભાટીયા સાથે એક મિટિંગ થઇ હતી. આ મિટિંગમાં શ્રી આશીષ

ભાટીયાએ ગુજરાત ચેમ્બરે જે કામગીરી કરી હતી તેની ખુબજ પ્રસંશા કરી હતી અને COVID-19 બાબત અંગે ચર્ચા કરવામાં આવી હતી.

**આઇટેમ નં. ૫**

- પ્રમુખશ્રીએ વર્ષ ૨૦૧૯-૨૦ ના આવક અને ખર્ચનો ઓડીટ થયેલ હિસાબ તેમજ તા. ૩૧-૩-૨૦૨૦ ના રોજનું સરવૈયુ મંજુર કરી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે ભલામણ કરવાનું થાય છે તેમ જણાવ્યું હતું. પ્રમુખશ્રીએ આની વિગતો આપવા ચેમ્બરના માનદ્-ખજાનચી શ્રી પથિક પટવારીને વિનંતી કરી હતી. શ્રી પથિકભાઇએ જણાવ્યું હતું કે :-
- ચેમ્બરનો તા. ૩૧-૩-૨૦૨૦ સુધીનો આવક અને ખર્ચનો હિસાબ તથા તા. ૩૧-૩-૨૦૨૦ના રોજનું સરવૈયું સભા સમક્ષ મંજુરી માટે અહીં મુકીએ છીએ. આપ સૌને તા. ૩૧-૩-૨૦૨૦ સુધીના વર્ષનો આવક-ખર્ચનો હિસાબ તથા તા. ૩૧-૩-૨૦૨૦ના રોજની સરવૈયાની કોપી આપવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૮-૧૯માં ખર્ચ કરતાં આવકનો નેટ વધારો રૂા.૪૦,૪૮,૮૬૨/- હતો જે ૨૦૧૯-૨૦ માં વધીને રૂા.૧,૩૫,૧૦,૯૦૮/- થયો છે.
- આ વર્ષે નેટ આવકના વધારાના કારણોમાં બુલેટીન જાહેરાતની આવક તથા ટુરીઝમ અને હોસ્પિટાલીટી સેક્ટરની જાહેરાત છે.
- સામાન્યરીતે ગયા વર્ષ કરતા આ વર્ષે પગાર, ઓડીટ ફી અને બુલેટીન પ્રિન્ટીગ ખર્ચમાં વધારો નોંધાયો હોવા છતાં ચેમ્બરની આવકમાં રૂા.૧,૩૫,૧૦,૯૦૮/- નેટ વધારો નોંધાયો છે.
- આ વર્ષે બિલ્ડીગ રીનોવેશન કરવા માટે જે ભંડોળ આવ્યું તેને કેપીટલમાં દર્શાવેલ છે અને રીનોવેશનની મિલકતની ફંડ પરનો ઘસારો આ કેપીટલમાં દર્શાવેલ રીનોવેશનના ભંડોળમાંથી બાદ કરવામાં આવ્યો છે. (વાંચો હિસાબો પરની નોંધ બ-3)
- સરવાળે વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ખર્ચ રૂા.૩,૭૦,૯૪,૬૧૨/- હતો જે આ વર્ષે ઘટીને રૂા.૨,૮૪,૮,૩૪૪/- થયો છે. આમ ગયા વર્ષ કરતાં આ વર્ષે રૂા.૮૬,૦૬,૨૬૮/- નો ખર્ચમાં ઘટાડો થયો છે જેનાં મુખ્ય કારણ લીગલ અને પ્રોફેશન ફી, સ્ટેશનરી અને પ્રિન્ટીગ, વર્ષ દરમ્યાન યોજેલ કાર્યક્રમોના ખર્ચમાં ઘટાડો થયેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન, વીઝા લેટર ફી, સભ્ય યાદી તેમજ અન્ય ફી ની આવક રૂા.૯૫,૪૭,૫૫૨/- હતી જે વર્ષ-૨૦૧૯-૨૦ માં રૂા. ૯૦,૨૫,૪૨૯/- થઇ છે. (ગત વર્ષ કરતાં આ વર્ષે COVID-19 ના લીધે સામાન્ય ઘટાડો નોંધાયેલ છે) આર્બીટ્રેશન મીડીયેશન સેન્ટરની રૂા.૫,૮૫,૮૨૫ આવક થઇ છે. આ વર્ષે ટી.ડી.એસ.ના કુલ રીફંડ રૂા.૧૫,૪૮,૩૭૦/- આવેલ છે.
- ગુજરાત ચેમ્બરની વર્ષ ૨૦૧૮-૧૯માં રૂા.૧૧,૪૮,૫૧,૭૬૩/- ની ફીક્સ ફલેક્સી ડીપોઝીટ હતી. જે આ વર્ષે રૂા.૧૨,૯૦,૧૭,૯૦૫/- કરવામાં આવી છે. ફીક્સ ફલેક્સી ડીપોઝીટમાં વધારો રૂા.૧,૪૧,૬૬,૧૪૨/- થયો છે. આ વર્ષે ફીક્સ અને ફલેક્સી ડીપોઝીટનું બેલેન્સ સાથે દર્શાવેલ છે. જ્યારે કાયમી મિલકત ગયા વર્ષે રૂા.૪,૭૩,૪૨,૯૦૦/- હતી જે આ વર્ષે વધીને રૂા.૫,૮૩,૬૮,૬૦૯/- થઇ છે. આમ આ વર્ષે ચેમ્બરની કાયમી મિલકતમાં નેટ વધારો રૂા.૧,૧૦,૨૫,૭૦૯/- નો થયો છે.

- આ વર્ષે નવી મેમ્બરશીપ, નોન વોટિંગ મેમ્બરશીપ તથા રીન્યુઅલ પેટે લવાજમના રૂા.૮૨,૭૩,૬૭૮/- આવ્યા છે. જ્યારે ગયા વર્ષે ચેમ્બરને લવાજમ પેટે રૂા.૮૭,૮૦,૪૮૨/- ની આવક નોંધાઇ હતી. આમ આ વર્ષે COVID-19 ના લીધે રૂા.૫,૦૬,૮૦૪/- ની લવાજમની આવકમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે.
- સંસ્થાની ૬૮મી વાર્ષિક સામાન્ય સભામાં બહાલી આપ્યા અનુસાર રૂા.૪,૬૫,૦૦,૦૦૦/- પેલીકન બિલ્ડીંગની લીઝ પેટેની રકમ મુડી ફાળા ખાતે વર્ષ ૨૦૧૮-૧૯માં ટ્રાન્સફર કરવામાં આવેલ છે. (વાંચો હિસાબ ઉપરની નોંધ બ-૨) અને તે મુજબ તા. ૩૧ માર્ચ, ૨૦૧૯ અને ત્યારબાદના પાકા સરવૈયામાં દર્શાવેલ છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે કેપીટલ ફંડમાં રૂા.૨,૩૦,૮૮,૩૧૨નો વધારો થયેલ છે. કેપીટલ ફંડમાં વધારાનું કારણ ચાલુ વર્ષ (૨૦૧૯-૨૦) ૨૬૪ નવી મેમ્બરશીપ નોંધાતા પ્રવેશ ફી પેટે રૂા.૧૫,૨૧,૩૦૦/-, રીનોવેશન ફંડ રૂા.૧,૮૫,૩૫,૯૭૫/-, COVID-19 ફંડ રૂા.૮,૬૬,૪૪૧/-, અને કાનુની કેસ ફંડ રૂા.૨૧,૬૪,૫૮૬/- છે.
- ઉપરોક્ત વિગતો સમિતિ સમક્ષ રજુ કર્યા બાદ પ્રમુખશ્રી અને માનદ્-ખજાનચીએ આવક અને ખર્ચ વિષે કોઇ સભ્યને કોઇ પ્રશ્ન હોય તો તે રજુ કરવા જણાવ્યું હતું.
- ઉપસ્થિત સભ્યો દ્વારા કોઇ પણ પ્રશ્ન કરવામાં આવ્યો ન હતો અને આવકના વધારાને વધાવી પ્રમુખશ્રી અને હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.
- સમિતિની મિટિંગમાં ઉપસ્થિત સભ્યો દ્વારા તા. ૩૧-૩-૨૦૨૦ના રોજનો આવક અને ખર્ચનો ઓડીટ થયેલ હિસાબ તથા તા. ૩૧-૩-૨૦૨૦ ના રોજનું સરવૈયુ સર્વાનુમતે મંજુર કરી આગામી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે ભલામણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**<u>ઠરાવ નં. ૩</u>**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૧-૩-૨૦૨૦ ના આવક અને ખર્ચનો ઓડીટ થયેલ હિસાબ તેમજ તા. ૩૧-૩-૨૦૨૦ ના રોજનું સરવૈયુ સર્વાનુમતે મંજુર કરી આગામી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.

**<u>આઇટેમ નં. ૬</u>**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે કારોબારી સમિતિ દ્વારા ઓડીટરની નિમણૂક અને મહેનતાણુ નક્કી કરી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે ભલામણ કરવાની થાય છે.
- આ અંગે વધુ વિગતો આપતાં માનદ્-ખજાનચી શ્રી પથિકભાઇ પટવારીએ જણાવ્યું હતું કે ચેમ્બરના હાલના ઓડીટર્સ મે. સી.સી. ચોકસી એન્ડ કંપનીએ ૨૦૨૦-૨૧ના વર્ષ માટે ચેમ્બરના ઓડીટર તરીકે નિમણૂક કરવા અને તેમનુ મહેનતાણુ નક્કી કરવા તેમજ તેમના તરફથી આવેલ પત્ર કારોબારી સમિતિ સમક્ષ મંજુરી માટે મુકવામાં આવેલ હતો. શ્રી પથિકભાઇએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષે વર્ષ-૨૦૧૯-૨૦ માટે મે. સી.સી. ચોકસી એન્ડ કંપનીને ઓડીટર તરીકે રૂા.૭૫,૦૦૦/- (સર્વિસ ટેક્ષ અલગથી) નિમણૂક કરવામાં આવી હતી.
- સમગ્ર ચર્ચાને અંતે ઉપસ્થિત સર્વ સભ્યો દ્વારા સર્વાનુમતે વર્ષ-૨૦૨૦-૨૧ માટે MSME સી.સી. ચોકસી એન્ડ કંપનીની ઓડીટર તરીકે (સર્વિસ ટેક્ષ અલગથી) મહેનતાણા માટે પુનઃનિમણૂક

કરવા સર્વાનુમતે મંજુરી આપતી આગામી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે મુકવા ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું હતું.

**ઠરાવ નં. ૪**

આથી વર્ષ ૨૦૨૦-૨૧ માટે મે. સી.સી. ચોકસી એન્ડ કંપની રૂા.૭૫,૦૦૦/- (સર્વિસ ટેક્ષ અલગથી) ના મહેનતાણા થી પુનઃનિમણૂક કરી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે મુકવાની ભલામણ કરવામાં આવે છે.

**આઇટેમ નં. ૭**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરના બંધારણ મુજબ ચૂંટણી પહેલા અને છેલ્લી કારોબારી સમિતિમાં ચૂંટણી બોર્ડની રચના કરવાની થાય છે તો આમ બંધારણ મુજબ ચૂંટણી બોર્ડની રચના કરીએ.

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી દુર્ગેશ બુચ | - | નિવૃત્ત થતા પ્રમુખશ્રી |
| (૨) | શ્રી રોહિત પટેલ | - | પૂર્વ પ્રમુખશ્રી |
| (૩) | શ્રી સચિન પટેલ | - | સામાન્ય વિભાગમાંથી કારોબારી સમિતિમાં ચૂંટાયેલ સભ્ય |
| (૪) | શ્રી નિલેષ દેસાઇ | - | કોર્પોરેટ, આજીવન સભ્ય અથવા પેટ્રન વિભાગમાંથી ચૂંટાયેલ સભ્ય |
| (૫) | શ્રી કિરીટ એન. પટેલ | - | વેપારી સંગઠન અથવા રીજનલ ચેમ્બરમાંથી ચૂંટાયેલ સભ્ય |

- સભામાં ઉપસ્થિત સૌ સભ્યોએ આની મંજુરી આપી હતી.

**ઠરાવ નં. ૫**

આથી ચેમ્બરના બંધારણ મુજબ રચના કરવામાં આવેલ ચૂંટણી બોર્ડના ઉપરોક્ત નામોની સર્વાનુમતે મંજુરી આપી ઠરાવવામાં આવે છે.

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ભારત-ચીન ની સરહદ ઉપર તાજેતરમાં જે ઘર્ષણ થયું અને તેમાં જે જવાનો શહિદ થયા આ તમામ ઘટના બાદ સમગ્ર દેશમાં ચાઇના પ્રોડક્ટસનો બહિષ્કાર બાબત એક જુવાળ ફાટી નિકળ્યો છે. આ અંગે દરેક સભ્યોને તેમના મંતવ્યો વ્યક્ત કરવા જણાવ્યું હતું.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં ચાઇનાની પ્રોડક્ટસનો બહિષ્કાર કરવો જોઇએ તેવી વાત છે. ટ્રેડિંગ કરતા વેપારીઓમાં આ વસ્તુ શક્ય બને પરંતુ ઇન્ડસ્ટ્રીમાં જ્યાં લોકો મટીરીયલ ટેકનોલોજી ઓલરેડી ખરીદવામાં આવી ચૂકી છે ત્યાં તાત્કાલિક બહિષ્કાર શક્ય ન બને તેવું ફીડબેક મળી રહ્યું છે.
- શ્રી યોગેશ પરીખે કેમીકલના ઉદ્યોગોમાં આ શક્ય નથી તેમ જણાવતા ડાઇઝ ઇન્ડસ્ટ્રી પણ ચાઇના ઉપર નિર્ભર છે માટે તે બાબત શક્ય નથી.ચાઇનાથી ઇમ્પોર્ટ કરવામાં આવતી તમામ

વસ્તુઓ કે ટેકનોલોજી કે રો-મટીરીયલ ની બાબતમાં સ્વનિર્ભર બનીએ ત્યારે જ આ વસ્તુ શક્ય બની શકે.

- શ્રી અજયભાઇએ અમુક ઇન્ડસ્ટ્રીઝમાં આ શક્ય નથી તેમ જણાવ્યું હતું.
- શ્રી કૈલાસ ગઢવીએ સરકાર દ્વારા ચાઇનાથી ઇમ્પોર્ટ કરવામાં આવતી તમામ બાબતો ઉપર એન્ટીડમ્પીંગ ડયુટી વધારવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- શ્રી પ્રફુલ્લ તલસાણીયાએ ચાઇનાનો તમામ પ્રોડક્ટસનો બહિષ્કાર કરતો કારોબારી સમિતિમાં ઠરાવ કરી ન્યુઝપેપરમાં જાહેરાત આપવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે જે ઇન્ડસ્ટ્રીઝમાં અત્યાર સુધી રો-મટીરીયલ ખરીદી લેવામાં આવ્યું હોય જો બહિષ્કાર કરવામાં આવે તો તે ઇન્ડસ્ટ્રીને નુકશાન થઇ શકે એટલે નવો માલ ઇમ્પોર્ટ કરવામાં આવે તે સમયે વિચારી શકાય.
- શ્રીમતી મીનાબેન કાવીયાએ જણાવ્યું હતું કે COVID-19 ને કારણે સરકાર દ્વારા ઉદ્યોગોને SOP નું પાલન કરવા જણાવવામાં આવ્યું છે પરંતુ આ SOP બધા માટે એકજ પ્રકારના હોવાથી નાના અને મધ્યમ ઉદ્યોગો માટે તેનું પાલન કરવું મુશ્કેલ છે તેથી Bare Minimum SOP બનાવવું જોઇએ. વધુમાં આ SOP ને લાગુ કરાવવા તેમજ તેનું પાલન કરવાનું જે ખર્ચ ઉદ્યોગોને ભોગવવું પડે તેના માટે સરકારે સહાય કરવી જોઇએ.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ ટાસ્ક ફોર્સની રચના કરવા જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે દેશમાં માહોલ બન્યો છે જનતામાં જે આક્રોશ છે તે તમામ સર્વેક્ષણ કરીએ છીએ અને પગલા લેવાના થાય તો ટુંકા કે લાંબાગાળાને શું પગલા લેવા જોઇએ અને શું લઇ શકાય તે બાબતોનો અભ્યાસ કરી તેના સૂચનો તૈયાર કરી મૂકીશું. આજે મિટિંગમાં જે નક્કી થાય અને જનસામાન્ય જે મત આપે તેની સાથે વેપારી મહામંડળે સમર્થન આપવું જોઇએ અને આપીએ છીએ. પ્રમુખશ્રીએ દરેક સભ્યોને વેપાર-ઉદ્યોગને લગતા ચાઇના પ્રોડક્ટસની બહિષ્કારના સૂચનો મોકલી આપવા જણાવ્યું હતું. આનો બીજો મતલબ દરેક ઉદ્યોગોમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનું છે.
- શ્રી હિતેન વસંતે ટ્રાન્સપોર્ટના પ્રશ્નો અને ટ્રેડના પ્રશ્નો અંગે વાત કરી હતી. આ ઉપરાંત તેઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારા અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ રાજ્ય સરકારને પત્ર મોકલી આપવામાં આવ્યો છે અને કેન્દ્ર સરકારમાં રજૂઆત મોકલી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.
- શ્રી હેમંત શાહે COVID-19 ને લીધે જે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું તેને લીધે ચેમ્બરના અંદાજે ૬૦૦ જેટલા સભ્યો રીન્યુઅલ ભરી શક્યા નથી જે ખૂબ મોટી સંખ્યા છે. આવા સભ્યોની દાખલ ફી જતી કરી, રીન્યુઅલ ફી લઇને ફરીથી તેમને સભ્ય બનાવવા જોઇએ. વધુમાં જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં તેઓ મતદાન ના કરી શકે પણ ગુજરાત ચેમ્બરે સભ્ય બનાવવા જોઇએ.
- ઉપસ્થિત સભ્યો દ્વારા આ વાતને સમર્થન આપવામાં આવ્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરના બંધારણ મુજબ કારોબારી સમિતિને મેમ્બરશીપ ફી નક્કી કરવાની સત્તા છે. હવે આ અંદાજે ૬૦૦ જેટલા સભ્યો રીન્યુઅલ ફી ભરી શક્યા નથી અને તેમની મેમ્બરશીપ રદ થાય તેમ છે. ટેકનીકલી તેમની મેમ્બરશીપ પૂરી થાય છે

અને તેમને નવા સભ્ય મેમ્બર તરીકે જ લઇ શકાય. જે આ પ્રકારના સભ્યો ૨૦૧૯-૨૦ માં રીન્યુઅલ ફી ભરી શક્યા નથી તેવા ખાસ સભ્યોને વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઇને તેમના પર નાણાકીય ભારણ ના થાય તેમ દાખલ ફી ૧ રૂપિયો (ટોકન ફી) લઇને રીન્યુઅલ ફી ભરાવીને, નવા સભ્યો બનાવીએ. પરંતુ આવા સભ્યો આ વર્ષે જ્યારે પણ ચૂંટણી થાય ત્યારે તેઓ મતદાન કરી શકશે નહીં. આપ સૌને મંજુર હોય તો આ રીતે કરી શકાય.

- સભામાં ઉપસ્થિત સભ્યોએ સર્વાનુમતે આની મંજુરી આપી નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં. ૬**

COVID-19 ના લીધે વર્ષ ૨૦૧૯-૨૦ ના જે સભ્યો ૩૧મી મે સુધી રીન્યુઅલ ફી ભરી શક્યા નથી તેવા સભ્યોની ૧ રૂપિયો (ટોકન) દાખલ ફી લઇ તેમની ભરવાની થતી રીન્યુઅલ ફી લઇને નવા સભ્યો બનાવવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આવા સભ્યો આ વર્ષે (૨૦૨૦-૨૧ની) ચૂંટણીમાં મતદાન કરી શકશે નહીં.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

**એનેક્ષર: એ**

**(તા. ૧૯-૬-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)**

**એ.એચ. હોલમાં ઉપસ્થિત સભ્યો**

૧. શ્રી દુર્ગેશ બુચ
૨. શ્રી ભાર્ગવ ઠક્કર
૩. શ્રી દિલીપ પાધયા
૪. શ્રી પથિક પટવારી
૫. શ્રી કિરીટ એન. પટેલ
૬. શ્રી આશીષ ઝવેરી
૭. શ્રી અંબરભાઇ પટેલ
૮. શ્રી ગૌરાંગ ભગત
૯. શ્રી ભાવેશ લાખાણી
૧૦. શ્રી હેમંત શાહ
૧૧. શ્રી યોગેશ પરીખ
૧૨. શ્રી અંકિત પટેલ
૧૩. શ્રી મીહિર પટેલ
૧૪. શ્રી પ્રદિપ જૈન
૧૫. શ્રી અપૂર્વ શાહ
૧૬. શ્રી સચિન પટેલ
૧૭. નિલષ દેસાઇ
૧૮. શ્રી અજય ડી. પટેલ
૧૯. શ્રી કે. આઇ. પટેલ
૨૦. શ્રી ભાવેશ પી. શાહ
૨૧. શ્રીમતી મીના કાવીયા
૨૨. શ્રી આસિત શાહ
૨૩. શ્રી પ્રતાપ ચંદન
૨૪. શ્રી અનિલ સંઘવી
૨૫. શ્રી કૌશિક ડી. પટેલ
૨૬. શ્રી અમિત પરીખ
૨૭. શ્રી હિતેન વસંત

**વી.સી. માં ઉપસ્થિત સભ્યો**

૨૮. શ્રી નયન શેઠ
૨૯. શ્રી જીતેન્દ્ર લાલ
૩૦. શ્રી દિગન્ત સોમપુરા
૩૧. શ્રી પ્રકાશ વરમોરા
૩૨. શ્રી હિમાંશુ વ્યાસ
૩૩. શ્રીમતી અર્ચના ગુપ્તા
૩૪. શ્રી કૈલાસ ગઢવી
૩૫. શ્રી ગણેશ નાદાર
૩૬. શ્રી પ્રફુલ્લ તલસાણીયા
૩૭. શ્રી ઉદિત દિવેટીયા
૩૮. શ્રી પ્રદિપ વોરા
૩૯. શ્રી સંજીવ છાજર
૪૦. શ્રી નટુભાઇ પટેલ
૪૧. શ્રી ધવલ આચાર્ય
૪૨. શ્રી સ્નેહલ લાવસી
૪૩. શ્રી પ્રવિણ કોટક
૪૪. શ્રી દેવાંગ ડોક્ટર
૪૫. શ્રી સુનિલ વડોદરીયા
૪૬. શ્રી જીજ્ઞેશ કારીયા
૪૭. શ્રી શૈશવ શાહ
૪૮. શ્રી નરેન્દ્ર સોમાણી
૪૯. શ્રી કનુભાઇ અગ્રવાલ
૫૦. શ્રી ચિરંજીવ પટેલ
૫૧. શ્રી જીગીશ દોશી
૫૨. શ્રી સુરેશ ત્રિવેદી
૫૩. શ્રી સૌમિલ પુરોહિત
૫૪. શ્રી બિપીન શાહ
૫૫. શ્રી અશોક પી.પટેલ
૫૬. શ્રી જૈમિન વસા
૫૭. શ્રી આશીષ ગુરુ
૫૮. શ્રી જીગીશ શાહ
૫૯. શ્રી નવરોઝ તારાપોર
૬૦. શ્રી ગોપીનાથ અમીન
૬૧. શ્રી હિરેન ગાંધી
૬૨. શ્રી દિનેશ ગુપ્તા
૬૩. શ્રી મદનલાલ જયસવાલ
૬૪. શ્રી કમલેશ સી. પટેલ
૬૫. શ્રી અનુજ પટેલ
૬૬. શ્રી ધીરેન્દ્ર દોશી

**એનેક્ષર-બી**

**મંજુર થયેલા નવા સભ્યોની યાદી**

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | Hariprasad Joitaram Patel | Hariprasad Joitaram Patel | Local-Firm |
| 2. | S M Patel Iron Traders Pvt Ltd | Kaushik Patel | Local-Pvt.Ltd. |
| 3. | Ahmedabad Kariyana Vepari Association | Arvind Khandelwal | Local-Association |
| 4. | Swayam Poly Plast Pvt Ltd | Shivprakash Agarwal | Local-Pvt.Ltd. |
| 5. | Magnify Industries Pvt. Ltd. | Shalin Mehta | Regional-Pvt.Ltd. |
| 6. | Procyon Technology | Mahesh Patel | Regional-Firm |

**પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Mascot Industries | Jitendra Sanghvi<br>Arvind Shah | Jitendra Sanghvi<br>Rishab Sanghvi |
| 2. | Junagadh Chamber of Commerce & Industries | Bhurabhai Desai<br>Kanubhai Domadia | Vijay Domadia<br>Sanjay Purohit |
| 3. | Income Tax Bar Association | Vishves Shah<br>Dhruvin Mehta | Ashutosh Thakkar<br>Ashish Tekwani |

**પ્રતિનિધિના સરનામામાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | Ahmedabad Steelcraft Ltd | 401, "637" Complex, Panchvati, Opp Central Bank,Ahmedabad | N.T.604 One-42 Complex, Nr. Jayantilal Park BRTS,Ambli Bopal Road,Ahmedabad |
| 2. | Saraf Dyechem Industries | 14, 1st Floor, Ocean Park, Satellite Road, Ahmedabad | 901, Indraprasth Corporate, Satellite,Ahmedabad |

## આઇટેમ નં. ૨

### ૨.૧ અગત્યના પ્રસંગો (તા. ૧૩ જુન થી ૩૦ જુન, ૨૦૨૦ દરમ્યાન) :

| | | | |
|---|---|---|---|
| શનિવાર | તા. ૧૩-૬-૨૦૨૦ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI અને MSME કમિશ્નરેટ, ગુજરાત રાજ્ય ના સંયુક્ત ઉપક્રમે "Opportunity fo Developint Product from Recently Expired Patents" વિષે યોજવામાં આવેલ વેબીનાર. |
| બુધવાર | તા. ૧૭-૬-૨૦૨૦ | --- | GCCI, GDMA, DMAI, FICCI, CII, ASSOCHAM, GCA, GPA અને GSPMA ના સંયુક્ત ઉપક્રમે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ નોટીફીકેશનની સમજ આપવા અને ચર્ચા કરવા યોજવામાં આવેલ વેબીનાર. |
| મંગળવાર | તા. ૧૬-૬-૨૦૨૦ | સાંજે ૪-૦૦ વાગે | GCCI ની ફુડ અને ડેરી કમિટિના સભ્યો સાથે ફુડના જીએસટીના પ્રશ્નો અંગે જીએસટી કમિટિના ચેરમેન શ્રી નયનભાઇ શેઠ સાથે યોજવામાં આવેલ video conference થી મિટિંગ. |
| શુક્રવાર | તા. ૨૬-૬-૨૦૨૦ | સવારે ૧૦-૦૦ વાગે | ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી સાથે સબસીડી અંગે યોજવામાં આવેલ video conference થી મિટિંગ. |

### ૨.૨ ચેમ્બરની રજૂઆતો

- કેન્દ્રના કૃષિ વિભાગના જોઇન્ટ સેક્રેટરીને નોટીફીકેશન નં.૧૩૦૩૫/૧૫/૨૦૧૯-પી.પી.-આઇ. અંગે મોકલવામાં આવેલા વાંધાઓ. (તા. ૧૧-૬-૨૦૨૦)
- ડીસા તથા ગાંધીનગર શહેરની બેન્ક ઓફ બરોડાની શાખાને "આત્મનિર્ભર ભારત" પેકેજ અંતર્ગત કોલ્ડ સ્ટોરેજને રાહત આપવા અંગે બેન્ક ઓફ બરોડા, નોર્થ ઝોનના ડે. જનરલ મેનેજર શ્રી એ. કે. ચુગ ને પાઠવેલ પત્ર. (તા.૧૨-૬-૨૦૨૦)
- આત્મનિર્ભર રાહત યોજના હેઠળ કોર્પોરેશન ટેક્ષમાં જાહેર કરેલ રાહતનો તાત્કાલિક પણે અમલ કરાવવા માટે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (૧૨-૬-૨૦૨૦)
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા ઘટાડવામાં આવેલ રેપોરેટનો અમલ ખાનગી બેન્કો દ્વારા કરવામાં આવે તે અંગે પાઠવેલ રજૂઆત. (તા. ૧૨-૬-૨૦૨૦)
- મસ્કતી કાપડ માર્કેટ એસોસીયેશનની રજૂઆતના સંદર્ભમાં ઇલેક્ટ્રીસીટી બીલમાં રાહત આપવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલને કરેલ રજૂઆત. (તા.૧૩-૬-૨૦૨૦)
- વેપાર-ઉદ્યોગની બેન્ક ગેરન્ટીઓ જેની સમય મર્યાદા પૂરી થઇ ગઇ હોય તેને સત્વર પરત કરવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૧૩-૬-૨૦૨૦)
- ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ અંતર્ગત સ્થપાયેલ યુનિટસ તથા એક્સપાન્શન કરેલ યુનિટને જીએસટીના નાણાં તાત્કાલિક આપવા અંગે ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઇ પટેલને કરેલ રજૂઆત. (તા. ૧૩-૬-૨૦૨૦)
- કેન્દ્રના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને ડાયરેક્ટ ટેક્ષ માટે મોકલવામાં આવેલ સૂચનો. (તા.૧૬-૬-૨૦૨૦)
- પેટ્રોલ-ડીઝલના ભાવોમાં ગુજરાતમાં પ્રતિ લીટર રૂા.૨/- ના વધારા અંગે ફેરવિચારણા કરવા ગુજરાતના માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલને પાઠવેલ પત્ર. (તા. ૧૬-૬-૨૦૨૦)

- પોરબંદર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની રજૂઆતમાં સ્ટેમ્પ ડયુટીમાં રાહત આપવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને પાઠવેલ રજૂઆત. (તા.૧૭-૬-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલના ઇકોનોમી રીવાઇવલ માટે પાવર સેક્ટરમાં રાહત આપવા અંગે કરેલ રજૂઆત. (તા. ૧૮-૬-૨૦૨૦)
- પેટ્રોલ-ડીઝલના ભાવોમાં ગુજરાતમાં પ્રતિ લીટર રૂા.૨/- ના વધારા અંગે ફેરવિચારણા કરવા ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી ને પાઠવેલ પત્ર. (તા. ૧૬-૬-૨૦૨૦)
- સીક્યોરીટી અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયાના ચેરમેન શ્રી અજય ત્યાગીને કંપનીઓના ચોથા ક્વાર્ટરના હિસાબો સબમીટ કરવા માટે એક્સટેન્શન આપવા કરવામાં આવેલ રજૂઆત.
- કેન્દ્રના કૃષિ વિભાગના માનનીય મંત્રી શ્રી નરેન્દ્રસિંઘ તોમરને મીનીમમ સેલિંગ પ્રાઇઝ ને કોટન અને કોટન આધારીત ઉદ્યોગોમાં અમલ અંગે જે વિપરીત અસરો ઉભી થશે તે અંગે કરેલ રજૂઆત. (તા.૨૨-૬-૨૦૨૦)
- આત્મનિર્ભર રાહત યોજના હેઠળ કોર્પોરેશન ટેક્ષમાં જાહેર કરેલ રાહતનો તાત્કાલિક પણે અમલ કરાવવા માટે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, ચીફ સેક્રેટરી શ્રી અનિલ મુકીમ (IAS), તથા મ્યુનિ. કમિશ્નર શ્રી મુકેશકુમાર (IAS), ને કરેલ રજૂઆત. (૨૦-૬-૨૦૨૦)
- કેન્દ્રના પર્યાવરણ વિભાગના માનનીય સેક્રેટરી શ્રી રામેશ્વર પ્રસાદ ગુપ્તા (IAS) ને EIA નોટીફીકેશન ૨૦૨૦ અંગે મોકલાવેલ સૂચનો. (તા.૨૩-૬-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય ગૃહ મંત્રી શ્રી પ્રદિપસિંહજી જાડેજાને ઉદ્યોગોમાં થતાં અકસ્માતના સંજોગોમાં જે ફોજદારી કેસ કરવામાં આવે છે તે અંગે કરવામાં આવેલ રજૂઆત. (તા.૨૪-૬-૨૦૨૦)
- ફીશરીઝ ઇન્ડસ્ટ્રીને ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા આપવામાં આવતા પ્લોટોને લાંબાગાળા માટે લીઝ રીન્યુ કરવા બાબતે ગુજરાત મેરીટાઇમ બોર્ડના મેનેજીંગ ડીરેક્ટર શ્રીમતી અવન્તિકા સિંઘ (IAS) ને પાઠવેલ પત્ર. (૨૪-૬-૨૦૨૦)
- અમદાવાદ જીલ્લાના કલેક્ટર શ્રી કે. કે. નિરાલા ને અનલોક-૨ અંગે મોકલાવેલ સૂચનો. (તા. ૨૫-૬-૨૦૨૦)
- કેન્દ્રના કૃષિ વિભાગના રાજ્ય કક્ષાના માનનીય મંત્રી શ્રી પુરષોત્તમભાઇ રૂપાલાને સૂચિત Notification of Bio-Stimulant Act અંગે પાઠવેલ પત્ર. (તા.૨૭-૬-૨૦૨૦)

## ૨.૪ અન્ય માહિતી

**સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૯<br>૩૬૫૪ | મે-૧૯<br>૩૮૦૭ | જુન-૧૯<br>૩૩૪૭ | જુલાઇ-૧૯<br>૩૭૯૬ | ઓગષ્ટ-૧૯<br>૨૦૧૯ | સપ્ટેમ્બર-૧૯<br>૩૩૫૮ | ઓક્ટોબર-૧૯<br>૩૪૯૫ |
| એપ્રિલ-૨૦<br>૧૭૬ | મે-૨૦<br>૧૨૭૫ | જુન-૨૦૨૦<br>૨૭૨૭ | | | | |
| નવેમ્બર-૧૯<br>૩૭૨૯ | ડિસેમ્બર-૧૯<br>૩૬૪૬ | જાન્યુઆરી-૨૦<br>૩૯૦૦ | ફેબ્રુઆરી-૨૦<br>૩૬૦૭ | માર્ચ-૨૦<br>૨૮૧૮ | કુલ-૨૦૧૯-૨૦<br>૩૩૮૪૦ | |
| | | | | | | |

**અખબારી નિવેદનો :**

- "Opportunity for Developing Product from Recently Expired Patents" વિષે યોજવામાં આવેલ વેબીનાર અંગે. (તા. ૧૩-૬-૨૦૨૦)
- GCCI, GDMA, DMAI, FICCI, CII, ASSOCHAM, GCA, GPA અને GSPMA ના સંયુક્ત ઉપક્રમે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ નોટીફીકેશનની સમજ આપવા અને ચર્ચા કરવા યોજવામાં આવેલ વેબીનાર અંગે. (તા. ૧૭-૬-૨૦૨૦)

**આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)**

નં. ૧ GCCI ની સ્ક્રુટિની સમિતિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૧૮-૬-૨૦૨૦)

નં. ૨ GCCI Start-up કમિટિની વિડીયો કોન્ફરન્સથી મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા. ૨૩-૬-૨૦૨૦)

નં. ૩ GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિની વિડીયો કોન્ફરન્સથી મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા. ૨૬-૬-૨૦૨૦)

**૩.૨ (સલાહકારી કમિટિઓની મિટિંગની માહિતી)**

નં. ૧ ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ અંગે સ્ટેટ લેવલ કમિટિની મિટિંગમાં ચેમ્બરના પ્રતિનિધિ શ્રી રાહુલ શાહની ઉપસ્થિતિ (તા. ૧૯-૬-૨૦૨૦)

નં. ૨ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટની પોલીસી ઇમ્પ્લીમેશન કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરના ચીફ ઓપરેટીંગ ઓફીસર શ્રી યોગેન્દ્ર ત્રિવેદીની ઉપસ્થિતિ (તા. ૧૯-૬-૨૦૨૦)